આઝાદી નો અમૃત મહોત્સવ | સત્યમેવ જયતે ગુજરાત સરકાર



# અનુસૂચિત જાતિ કલ્યાણ



## જનસેવાના નિર્ધાર સાથે વર્તમાન સરકારે સત્તાના સૂત્રો સંભાળ્યા પછી અનુસૂચિત જાતિ કલ્યાણની મહત્ત્વની યોજનાઓમાં અનેકવિધ સુધારા-વધારા કર્યા છે.

### ડૉ.આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના

#### મૂળ યોજનાની શરતો /પાત્રતા

- આ યોજનાનો લાભ અનુસૂચિત જાતિના કુટુંબના એક જ વ્યક્તિને મળવાપાત્ર થતો હતો.
- લાભાર્થીએ બે સધ્ધર જામીનો રજૂ કરવાની જોગવાઇ હતી.
- લાભાર્થીએ જરૂરી આધારો સાથે વિદેશ જતા પહેલા અરજી કરવાની જોગવાઇ હતી.
- લાભાર્થીએ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેમની સેવાઓ ભારતમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ માટે આપવાની જોગવાઇ હતી.
- લાભાર્થીના કોઇ સગાસંબંધી વિદેશમાં રહેતા હોય તો; તેઓ દ્વારા નાણાંકીય જવાબદારી માટે પુરસ્કૃત કરેલા હોવા જોઇએ નહી, તે મુજબની બાંહેધરી લેવામાં આવતી હતી.
- લાભાર્થીએ લોનના નાણાં મળ્યાની તારીખથી એક માસની અંદર અભ્યાસ શરૂ કરવો તેમજ અભ્યાસક્રમની પ્રગતિનો ત્રિમાસિક અહેવાલ સંબંધિત શૈક્ષણિક સંસ્થામાંથી મેળવીને નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી, ગાંધીનગર, ગુજરાત રાજ્યને નિયમિત રજૂ કરવાની જોગવાઇ હતી.

#### ડિસેમ્બર ૨૦૨૧ પછી કરેલ સુધારા-વધારા

- કુટુંબના વધુમાં વધુ બે વ્યક્તિને લાભ આપવામાં આવશે.
- લાભાર્થી એક જ સધ્ધર જામીન રજૂ કરી શકશે
- વિદ્યાર્થી વિદેશગમનના ૬ (છ) માસની અંદર પણ જરૂરી આધારો સાથે અરજી કરી શકશે.
- લાભાર્થીએ વિદેશમાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેમની સેવાઓ ભારતમાં પાંચ વર્ષ આપવાની રહેશે નહી. લાભાર્થી વિદેશમાં સ્થાયી થઇ શકશે.
- લાભાર્થીના કોઇ સગાસંબંધી વિદેશમાં રહેતા હોય તો તેઓ દ્વારા નાણાંકીય જવાબદારી માટે પુરસ્કૃત કરેલા હોવા જોઇએ નહીં, તે મુજબની બાંહેધરી લેવામાં આવશે નહી.
- હવે લાભાર્થીએ તેના અભ્યાસક્રમની પ્રગતિનો ત્રિમાસિક અહેવાલ સંબંધિત શૈક્ષણિક સંસ્થામાંથી મેળવીને નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી, ગાંધીનગર, ગુજરાત રાજ્યને રજૂ કરવાનો રહેશે નહી.





### કોમર્શિયલ પાયલોટ લાયસન્સ તાલીમ લોન યોજના

- કોમર્શિયલ પાયલોટ લાયસન્સ/ટ્રેઇની પાયલોટની તાલીમ મેળવવા ઇચ્છતા ઉમેદવારે મેટ્રિક્યુલેશન અથવા હાયર સેકન્ડરી અથવા તો ઇન્ડિયન સ્કુલ સર્ટિફિકેટ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ.
- તાલીમ આપનાર સંસ્થા તરફથી ઉમેદવારને પ્રવેશ આપ્યા અંગેનું સંમતિપત્ર મળ્યા બાદ જ આ લોન મંજૂર કરવામાં આવતી હતી.
- આ યોજના હેઠળ લોન મેળવનાર લાભાર્થીએ વિદેશમાં તાલીમ મેળવેલ હોય તો પૂર્ણ કર્યા બાદ તેમની સેવાઓ ભારતમાં ઓછામાં ઓછા ૫ (પાંચ) વર્ષ માટે આપવાની જોગવાઇ હતી.
- લાભાર્થીના કોઇ સગાસંબંધી વિદેશમાં રહેતા હોય તો, તેઓ દ્વારા નાણાંકીય જવાબદારી માટે પુરસ્કૃત કરેલા હોવા જોઇએ નહીં, તે મુજબની બાંહેધરી લેવામાં આવતી હતી.
- તાલીમાર્થીએ લોનના નાણાં મળ્યાની તારીખથી ૧ (એક) માસની અંદર અભ્યાસ શરૂ કરવો તેમજ તાલીમની પ્રગતિનો ત્રિમાસિક અહેવાલ તાલીમ આપતી સંસ્થામાંથી મેળવીને નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી, ગાંધીનગર, ગુજરાત રાજ્યને નિયમિત રજૂ કરવાની જોગવાઇ હતી.

- કોમર્શિયલ પાયલોટ લાયસન્સ ટ્રેઇની પાયલોટની તાલીમ મેળવવા ઇચ્છતા ઉમેદવાર ધોરણ ૧૦-૧૨ અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ.
- તાલીમ આપનાર સંસ્થા તરફથી ઉમેદવારને પ્રવેશ આપ્યા અંગેનું સંમતિપત્ર લોન મંજૂર કરતા પહેલા રજૂ કરવું ફરજિયાત રહેશે નહી.
- લાભાર્થીએ વિદેશમાં તાલીમ મેળવેલ હોય તો, તેમની સેવાઓ ભારતમાં ઓછામાં ઓછા ૫ (પાંચ) વર્ષ આપવાની રહેશે નહીં. લાભાર્થી વિદેશમાં સ્થાયી થઇ શકશે.
- લાભાર્થીના કોઇ સગાસંબંધી વિદેશમાં રહેતા હોય તો; તેઓ દ્વારા નાણાંકીય જવાબદારી માટે પુરસ્કૃત કરેલા હોવા જોઇએ નહીં, તે મુજબની બાંહેધરી લેવામાં આવશે નહી.
- તાલીમાર્થીએ તેના તાલીમનો પ્રગતિની ત્રિમાસિક અહેવાલ રજૂ કરવાનો રહેશે નહી. તાલીમાર્થીએ તાલીમ પૂર્ણ થયા બાદ ૨ (બે) માસમાં અહેવાલ અને લાયસન્સની નકલ નિયામકને રજૂ કરવાના રહેશે.







### ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિ લગ્ન સહાય યોજના

- અનુસૂચિત જાતિ સિવાયની બીજી વ્યકિત પરપ્રાંતની હોય, તો તેણે લગ્ન કર્યા પછી ગુજરાતમાં વસવાટ કરવાનો રહેશે.
- ૩૫ વર્ષથી વધુ ઉંમરના વિધુર કે વિધવા કે જેને બાળકો ન હોય તેવી વ્યક્તિ જો પુનઃલગ્ન કરે તો આ યોજના હેઠળ સહાય મળવાપાત્ર ન હતી.

- પરપ્રાંતની વ્યક્તિએ લગ્ન કર્યા પછી ગુજરાતમાં વસવાટ કરવો ફરજિયાત નથી.
- કોઇ પણ ઉંમરના વિધુર કે વિધવા જેને બાળકો ન હોય તેવી વ્યક્તિ જો પુનઃલગ્ન કરે તો પણ આ યોજના હેઠળ સહાય મળવાપાત્ર થશે.

### અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને વકીલાતની તાલીમ માટે સ્ટાઇપેન્ડ આપવાની યોજના

- સિનિયર વકીલ બે જુનિયર વકીલો (તાલીમાર્થીઓ)ને તાલીમ આપી શકતા હતા.
- જુનિયર વકીલોએ દર માસે સિનિયર વકીલ પાસેથી તાલીમ લીધા અંગેનું પ્રમાણપત્ર મેળવી જિલ્લા કચેરીને રજૂ કરવાનું રહેતુ હતુ.
- અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના ઓછામાં ઓછા પંદર ટકા અરજદારોને પંસદ કરી લાભ આપવાની જોગવાઇ હતી.

- સિનિયર વકીલ વધુમાં વધુ પાંચ જુનિયર વકીલો (તાલીમાર્થીઓ)ને તાલીમ આપી શકશે.
- જુનિયર વકીલોએ દર માસે સિનિયર વકીલ પાસેથી તાલીમ લીધા અંગેનું પ્રમાણપત્ર મેળવી જિલ્લા કચેરીને રજૂ કરવાનું રહેશે નહી.
- અનુસૂચિત જાતિ તેમજ અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના તમામ અરજદારોને ક્રમાનુસાર લાભ આપવામાં આવશે.

### માઇ રમાબાઇ આંબેડકર સાતફેરા સમૂહલગ્ન યોજના

- સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રીના સ્થળ તપાસના આધારે અરજી મંજૂર કરવામાં આવતી હતી.

- ફક્ત ડોક્યુમેન્ટસને આધારે અરજી મંજૂર કરવામાં આવશે. સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રીએ સ્થળ તપાસ કરવાની રહેશે નહી.

### કુંવરબાઇનું મામેરું સહાય યોજના

- કુટુંબદીઠ બે પુખ્તવયની કન્યાઓના લગ્ન પ્રસંગે લાભ મળવાપાત્ર હતો. તેમજ પુનઃ લગ્નના કિસ્સામાં લાભ મળવાપાત્ર થતો ન હતો.
- લગ્ન કરનાર કન્યા અને યુવકના ઉંમરના પુરાવા ફરજિયાત રજૂ કરવાના રહેતા હતા.
- લગ્નની કંકોત્રી અરજી સાથે જોડવાના આધાર-પુરાવા તરીકે સામેલ રાખવાનું નક્કી થયેલ હતું
- લગ્ન કરનાર કન્યા અને યુવકનો લગ્ન સમયનો સંયુક્ત કલર ફોટો રજૂ કરવાનો રહેતો હતો.
- સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રીના સ્થળ તપાસના આધારે અરજી મંજૂર કરવામાં આવતી હતી



- કુટુંબદીઠ બે પુખ્તવયની કન્યાઓના લગ્ન પ્રસંગે લાભ આપવામાં આવે છે. તે પૈકી પુનઃ લગ્ન (જો પુનઃ લગ્ન હોય અને પ્રથમ લગ્ન સમયે લાભ મેળવેલ ન હોય) ના કિસ્સામાં પણ લાભ આપવામાં આવશે.
- 'લગ્નનું પ્રમાણપત્ર' મેળવતા સમયે સંબંધિત કચેરીને કન્યા અને યુવકના ઉંમરના પુરાવા રજૂ કરવામાં આવતા હોય, હવે આ યોજનાનો લાભ મેળવવા નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી હસ્તકની જિલ્લા કચેરીઓને ઉંમરના પુરાવા રજૂ કરવાના રહેશે નહી.
- અરજી સાથે લગ્નની કંકોત્રી રજૂ કરવાની રહેશે નહી.
- લગ્ન કરનાર કન્યા અને યુવકે લગ્ન સમયનો સંયુક્ત કલર ફોટો રજૂ કરવાનો રહેશે નહી.
- ફક્ત ડોક્યુમેન્ટસને આધારે અરજી મંજૂર કરવામાં આવશે. સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રીએ સ્થળ તપાસ કરવાની રહેશે નહી.

### ડૉ.આંબેડકર આવાસ યોજના

- મકાન બાંધકામ માટે ટોચમર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂા.૫.૦૦ લાખ અને શહેરી વિસ્તારમાં રૂા.૭.૦૦ લાખની ટોચમર્યાદામાં મકાન બાંધકામ પૂર્ણ કરેલ છે, તે મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેતું હતુ.
- લાભાર્થીએ મકાન સહાયના પ્રથમ હપ્તાની મંજૂરી મળ્યાથી ૧ વર્ષમાં મકાન બાંધકામ પૂર્ણ કરવાની જોગવાઇ હતી.

- મકાન બાંધકામની ટોચમર્યાદા અનુક્રમે ગ્રામ્ય વિસ્તારમાં રૂા.૭.૦૦ લાખ અને શહેરી વિસ્તારમાં રૂા.૧૦.૦૦ લાખ કરવામાં આવેલ છે.
- લાભાર્થી મકાન સહાયના પ્રથમ હપ્તાની રકમ મળ્યેથી બે વર્ષમાં મકાન બાંધકામ પૂર્ણ કરી શકશે.

